## મોપેડ અડતા ચાલકને ફટકારી જાનથી મારી નાંખવાની ધમકી

નવસારી: નવસારી ટાઉન પોલીસ સ્ટેશનમાં રોડ રેજનો એક બનાવ નોંધાયો છે. ફરિયાદી ભાવેશ આનંદભાઈ પાટીલ (ઉં.વ.31, રહે., રાધાનગર-2, વિઠ્ઠલ મંદિર પાસે, વિજલપોર, તા. જલાલપોર, જિ. નવસારી)એ નોંધાવ્યું છે કે તારીખ 16 માર્ચ 2026ના રોજ સાંઢકુવા પોલીસ ચોકી નજીક જાહેર માર્ગ પર આ ઘટના બની હતી. ફરિયાદ મુજબ, પ્લેઝર મોપેડ (નં. GJ 19 S 4893)નો ચાલક અને પાછળ બેસેલા બે અજાણ્યા વ્યક્તિઓ ફુલ સ્પીડમાં આવી અચાનક બ્રેક મારી હતી. આ દરમિયાન ફરીયાદીની ગાડી તેમની ગાડીને અડતા મોપેડચાલક ઉશ્કેરાઈ ગયો હતો. તેણે ફરીયાદી સાથે ગાળો બોલી મારામારી કરી અને જાનથી મારી નાખવાની ધમકી આપી સ્થળ પરથી નાસી ગયો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## SBPP બેંકમાં બોર્ડની મુદત પૂરી, કસ્ટોડિયનની નિમણૂક

વાપી: એસબીપીપી બેંકમાં ડિરેક્ટર બોર્ડની મુદત પૂરી થતાં રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગાંધીનગર તરફથી બેંકમાં કસ્ટોડિયનની નિમણૂંક કરવામાં આવી છે. કસ્ટોડિયન તરીકે રાજેશભાઈ ગિરધરલાલ રાણાની નિમણૂંક કરવામાં આવી છે. તેઓ બેંક ઓફ બરોડામાં 38 વર્ષનો બેન્કિંગ અનુભવ ધરાવે છે અને બેન્કિંગ ક્ષેત્રે ખૂબ જ સિનિયર મેનેજર તરીકે પણ વિશેષ અનુભવ ધરાવે છે. રાજેશભાઈ જોકે પહેલા બેંકની બોર્ડ ઓફ મેનેજમેન્ટના ચેરમેન રહી ચૂક્યા છે. જોકે બેંક સીધા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના તાબા હેઠળ કામ કરતી હોવાથી બોર્ડ કે બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યોની અનુપસ્થિતિને કારણે બેંકના કામકાજ પર અસર પડશે નહીં.

## ટ્રેનમાં મુસાફર સૂઈ ગયો ને રૂ.25 હજારની બેગ ચોરાઈ ગઈ

વલસાડ: અ મદાવાદ બોરીવલી ટ્રેનમાં મુસાફર સૂઇ જતાં તેના માથા નીચે મુકેલી રૂ. 25 હજાર મત્તાની બેગ કોઇ ચોરી ગયું હતું. જયરામ પ્રમોદ આચાર્ય (ઉં.વ.61) અમદાવાદથી વસઇ પોતાના ઘરે જવા અમદાવાદ બોરીવલી ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હતા. દરમિયાન તેઓ તેમની બેગ માથા નીચે મુકી સૂઇ ગયા હતા. ત્યારે કોઇ ચોર તેમની રૂ. 25 હજારની મત્તા સાથેની બેગની ચોરી કરી ફરાર થઇ ગયો હતો. બનાવ સંદર્ભે રેલવે પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## બીલીમોરાના નાંદરખા ગામે બીમારીથી કંટાળી વૃદ્ધનો આપઘાત

બીલીમોરા: ગણદેવી તાલુકાના નાંદરખા ગામે મંદિર ફળિયામાં રહેતા ૬૫ વર્ષીય હરીશભાઈ ખંડુભાઈ પટેલ છેલ્લા બે વર્ષથી મગજમાં ગાંઠ (ટ્યુમર)ની ગંભીર બીમારીથી પીડાતા હતા. આ ઉપરાંત તેમને બંને કિડનીમાં પથરીની પણ તકલીફ હતી. શારીરિક અસ્વસ્થતા અને અસહ્ય બીમારીથી કંટાળી ગયેલા હરીશભાઈએ ગત રાત્રિના સમય દરમિયાન પોતાના ઘરના પહેલા માળે આવેલી લોખંડની ચેનલ સાથે નાયલોનની દોરી વડે ફાંસો ખાઈ લીધો હતો. બીલીમોરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## પડોશીના ઘરે સાઈકલ પાર્ક કરતાં બબાલ, એકનું માથું ફૂટ્યું

વાપી: મૂળ યુપી અને હાલ વાપી નજીકના છરવાડા, હીરાનગરમાં રહેતા શેષનાથ હરિન્દ્ર ચૌહાણ (ઉં.વ.30)એ રવિવારે પોતાની સાઈકલ પડોશી શ્રીરામના ઘરની આગળ પાર્ક કરતાં પડોશીના પુત્ર વિષ્ણુએ પાર્ક કરવી નહીં તેવું જણાવ્યું હતું. જેથી શેષનાથે કહ્યું કે, હું સાઈકલ ક્યાં પાર્ક કરું કહેતા મામલો બિચક્યો હતો. શેષનાથની પત્ની ત્યાં આવી ગઈ હતી. જે બાદ નિતેશ તથા તેની માતા બિન્દાદેવી પણ આવી હતી અને ઝઘડો કર્યો હતો. વિષ્ણુ અને નિતેશે મારામારી કરી હતી જ્યારે બિન્દાદેવીએ રોડની બાજુમાં પડેલ ઈંટનો રોડો શેષનાથની પત્નીને માથાના ભાગે પાછળ મારી દીધો હતો. આ બનાવ અંગે શેષનાથે મારામારી કરનારા ત્રણેય સામે વાપી ડુંગરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# મંદિર ગામમાં ‘તળાવ’ નહીં, ‘સિસ્ટમ’ જ ખોદાઈ ગઈ કે શું?

**૧ મીટરની** મંજૂરી, ૧૭ મીટર ખોદકામ, સરકારને 8થી 9 કરોડનું નુકસાન, ગામને લાખોનો ફટકો

**ટેન્ડર** પ્રક્રિયામાં સીધો ઈજારદારને ફાયદો કરાવવામાં આવ્યો હોવાનો આક્ષેપ, સોગંદનામું પણ ભૂલથી રહી ગયું?




નવસારી: મંદિર ગામમાં તળાવ ખોદકામનો મુદ્દો હવે માત્ર ગેરરીતિનો નથી રહ્યો, પરંતુ આખી સિસ્ટમની પોલ ખોલતો કિસ્સો બની ગયો છે. ગામના રહેવાસી નિલેશ પટેલે વિકાસ કમિશનરને કરેલી રજૂઆતમાં જે આક્ષેપો કર્યા છે, તે સાંભળીને એવું લાગે છે કે અહીં નિયમો ફક્ત ફાઈલોમાં જ જીવતા હતા, જમીન પર તો મનસ્વી રાજ ચાલતો હતો.

ટેન્ડર પ્રક્રિયામાં અપસેટ વેલ્યુ નક્કી કરતી વખતે કોઈ અધિકારીની મંજૂરી લેવાઈ નહીં, એટલે કે નિયમો ‘સલાહ’ તરીકે જ લેવામાં આવ્યા! ટીડીઓ અને મામલતદાર જેવા અધિકારીઓને બાજુ પર રાખીને સીધું જ ઈજારેદારને ફાયદો થાય તેવી ગોઠવણ કરવામાં આવી હોવાનો આક્ષેપ છે. સોગંદનામું લેવાની ફરજ પણ ‘ભૂલથી’ રહી ગઈ કે પછી ઈરાદાપૂર્વક છોડાઈ ગઈ, એ પ્રશ્ન હજુ હવામાં જ છે.

સૌથી ચોંકાવનારી વાત બ્લોક નંબર 1156ના તળાવમાં સામે આવી છે, જ્યાં માત્ર 1 મીટર ખોદકામની મંજૂરી હોવા છતાં 15થી 17 મીટર સુધી ખોદકામ થઈ ગયું. એટલે કે ‘એક મીટર’નો કાગળ પરનો નિયમ અને જમીન પર ‘૧૭ મીટર’ની હકીકત બન્ને વચ્ચેનો અંતર જ આખી કહાની કહી જાય છે. આ ગેરરીતિના કારણે સરકારને આશરે 8થી 9 કરોડ રૂપિયાનું નુકસાન અને ગ્રામમ પંચાયતને 70 થી 80 લાખનો ફટકો લાગ્યો હોવાનો આક્ષેપ છે.

ખાણ ખનીજ વિભાગે રોયલ્ટીની વિગતો મોકલી હોવા છતાં આંખ આડા કાન કરવામાં આવ્યા હોવાના સંકેતો પણ ગંભીર છે. જૂના ઠરાવો હોવા છતાં ફરી ટેન્ડર બહાર પાડવાની જરૂર શું હતી, એ સવાલ હવે સીધો ભ્રષ્ટાચાર તરફ ઈશારો કરે છે. હાલ જિલ્લા વિકાસ અધિકારીના આદેશથી તપાસ અંતિમ તબક્કામાં છે. પરંતુ સવાલ એ છે કે શું આ ‘ખોદકામ’ ફક્ત તળાવ સુધી જ સિમિત રહેશે કે પછી જવાબદારો સુધી પણ પહોંચશે? હવે જોવાનું એ છે કે કાગળ પરની કાર્યવાહી થશે કે ખરેખર જવાબદારી નક્કી થશે?

## વલસાડ જિલ્લા-તાલુકા પંચાયતોમાં શાસક પક્ષની મુદત પૂર્ણ



વલસાડ: વલસાડ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં ચૂંટાયેલા હોદેદારો અને પાંચ વર્ષની મુદત મંગળવારે 17 માર્ચે પૂર્ણ થઈ હતી. હવે જિલ્લા અને તાલુકા પંચાયતોમાં વહીવટદારો નિમાશે. હોદ્દાના છેલ્લા દિવસે વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ મનહર પટેલે પોતાને ફાળવવામાં આવેલી ઈનોવા પરત જમા કરી હતી. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ વલસાડ એકમના પ્રમુખ અજીતસિંહ ઠાકોર સહિતની ટીમે વિદાય લેતા પ્રમુખનું સન્માન કર્યું હતું. તેમના કાર્યકાળમા શિક્ષકોના પ્રશ્નો અંગે તેમના વલણ અને કામની સરાહના કરી હતી. પ્રમુખ મનહર પટેલે તેમના કાર્યકાળ દરમિયાન વિકાસના કામોમાં સહયોગ આપનાર તમામનો આભાર વ્યક્ત કર્યો હતો. કપરાડા તાલુકા પંચાયત પ્રમુખ હીરાબેન માહલાએ હોદ્દાના અંતિમ દિવસે પણ સુથારપાડામાં સેવાસેતુ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી હોદ્દાનો અંતિમ દિવસે પણ પ્રજાને સમર્પિત કર્યો હતો.





નિલેશ કાપડિયા

# ધરમપુરી પ્રાથમિક શાળાને તાળાબંધી, વિદ્યાર્થીઓ અટવાયા

**શિક્ષક** સામે શિસ્તભંગની ફરિયાદ બાદ બદલી નહીં થતાં SMC કમિટી, વાલીઓએ શાળાને તાળાં માર્યાં

**બાળકો** બાજુમાં આવેલી દૂધડેરીમાં બેસવા મજબૂર બન્યાં

વાંસદા: ધરમપુરી ગામે પ્રા. શાળાના શિક્ષક દ્વારા શિક્ષક તરીકેની ફરજમાં ગંભીર ક્ષતિઓ અને શિસ્તભંગ માટે તેમની બદલી અંગે શાળામાં SMC કમિટી અને વાલીઓ દ્વારા જિ. પ્રાથમિક શિક્ષણાધિકારીને રજૂઆત બાદ શાળાને તાળા બંધી કરતાં વિદ્યાર્થીઓના ભણતર પર માઠી અસર પડી છે અને વહેલી તકે શિક્ષકની બદલી અંગેની ઉગ્ર માંગ ઊઠી છે

ધરમપુરી પ્રાથમિક શાળા SMC કમિટી તથા વાલીગણ દ્વારા ધરમપુરી ગામે આવેલી પ્રાથમિક શાળાના શિક્ષક સંજયભાઈ શંકરભાઈ કુકણા દ્વારા શિક્ષક તરીકેની ફરજમાં ગંભીર ક્ષતિઓ અને શિસ્તભંગ માટે જવાબદાર હોય જે અંગેની તપાસમાં ‘દોષિત’ ઠેરવી, તેમની વહીવટી બદલી માટે જિ. પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિ. પંચાયત શિક્ષણ સમિતિને દરખાસ્ત કરવામાં આવી હતી અને જો બદલી કરવામાં નહીં આવે તો તા.૧૭/૩/૨૦૨૬ થી શાળામાં તાળાબંધી કરવાની ફરજ પડશે એમ જણાવ્યું હતું, ત્યારે વહીવટી તંત્ર દ્વારા દસથી પંદર દિવસમાં બદલી થઈ જશે એમ જણાવી માત્ર આશ્વાસન આપ્યા બાદ કોઈજ પગલાં ન લેવાયા ન હતા. જેના કારણે શાળાના બાળકોના શિક્ષણ પર અત્યંત નકારાત્મક અસર પડી રહી હોય અને બાળકો માનસિક તણાવ અનુભવી રહ્યા હોય એવું પ્રતીત થઈ રહ્યું છે, તથા શાળાનું વાતાવરણ પણ ડહોળાય રહ્યું હોવાની ફરિયાદ સાથે ધરમપુરી પ્રા.શાળાની smc કમિટી અને વાલીઓ દ્વારા શાળાને સવારે તાળાબંધી કરી દેવામાં આવી હતી. શાળાના બાળકો બાજુમાં આવેલી દૂધ ડેરીમાં બેસવા મજબૂર બન્યા હતા. બદલીની પ્રક્રિયા તાત્કાલિક ધોરણે પૂર્ણ કરવામાં આવે, એવી smc કમિટી અને વાલીઓની માંગ ઊભી થઈ છે.

# બીલીમોરામાં કુખ્યાત ચિરાગ ગોટીને સાથે રાખી ઘટનાનું રિકન્સ્ટ્રક્શન

**હિસાબમાં** ભૂલ આવતા ભાગીદારના ભાઈને બેરહેમીથી માર માર્યો હતો

### પસ્તાવાના બદલે ચિરાગ ગોટી હસતો દેખાયો



કેરસી બારીયા

આજે પી.આઈ. ગામીત દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે આરોપી ચિરાગ ગોટીને પોંસરી ખાતેના ઘટનાસ્થળે લઈ જઈ ગુનાનું રિકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું. રિકન્સ્ટ્રક્શન દરમિયાન આ કુખ્યાત આરોપીના ચહેરા પર કોઈ પસ્તાવો જોવા મળ્યો ન હતો અને તે હસતો દેખાયો હતો.

બીલીમોરા: સુરતના કુખ્યાત માથાભારે શખ્સ ચિરાગ ઘનશ્યામ ગોટીની બીલીમોરા પોલીસે ટ્રાન્સફર વોરંટના આધારે ધરપકડ કરી છે. વર્ષ ૨૦૨૪ માં ચિરાગ ગોટી અને તેના બિઝનેસ પાર્ટનર અલ્પેશ માયાણીના પિતરાઈ ભાઈ પાર્થ માયાણી વચ્ચે ધંધાના હિસાબમાં માત્ર ૧૧ હજાર રૂપિયાની ઘટ આવતા નિર્વસ્ત્ર કરી લાકડાના ફટકા વડે બેરહેમીથી ઢોર માર માર્યો હતો અને આ કૃત્યનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો. આ ઘટના બાદ ચિરાગે પાર્થને ધમકી આપી હતી કે જો તે પોલીસ ફરિયાદ કરશે તો તેને ડ્રગ્સના ખોટા કેસમાં ફસાવી દેશે. જોકે, તાજેતરમાં ચિરાગ ગોટીએ સુરત પોલીસ સમક્ષ સરેન્ડર કરતા પાર્થમાં હિંમત આવી હતી અને તેણે બીલીમોરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

તપાસ દરમિયાન એવા પણ ચોંકાવનારા અહેવાલો પ્રાપ્ત થયા છે કે ચિરાગ ગોટી પોતાના ગેરકાયદે ડીઝલના વ્યવસાયમાં અડચણરૂપ wબનતા સરકારી અધિકારીઓને પણ નિશાન બનાવતો હતો. તે અધિકારીઓને ખોટી રીતે લાંચના કેસમાં કે હનીટ્રેપ જેવી જાળમાં ફસાવી દઈ વહીવટી તંત્ર પર દબાણ લાવવાના અનેક કારનામા આચરી ચૂક્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. હાલમાં બીલીમોરા પોલીસ આ મામલે વધુ ઊંડી તપાસ કરી રહી છે જેથી આ આતંકનો કાયમી અંત લાવી શકાય.

# દ. ગુજરાતમાં ગરવી ગુજરાત હાઈ સ્પીડ કોરિડોરની કવાયત

**બીલીમોરા**-વઘઈ રોડ સિક્સલેન બનશે, જમીન સંપાદન માટે ગામોના સરપંચ-તલાટીઓની બેઠક યોજવા તજવીજ



ઘેજ: ગરવી ગુજરાત હાઈ સ્પીડ કોરિડોર તરીકે સરકાર દ્વારા મંજૂર કરાયેલા બીલીમોરા-ચીખલી-વાંસદા- વઘઈ રોડમાં જમીન સંપાદનની કામગીરી માટે સબંધિત ગામોના સરપંચ-તલાટીઓની બેઠક યોજવા માટે માર્ગ મકાન વિભાગ દ્વારા તજવીજ હાથ ધરવામાં આવી છે.

રાજ્ય સરકાર દ્વારા મહારાષ્ટ્ર રાજ્યને જોડતા આ હાઈસ્પીડ કોરીડોર તરીકે મંજૂરી આપવામાં આવતા આ રસ્તાના મધ્યબિંદુથી ૨૨.૫ મીટર એટલે કે કુલ ૪૫.૦ મીટર રસ્તાની આરઓડબ્લ્યુ સિવાયની જમીન સંપાદન કરવાની થતી હોવાનું પ્રસ્થાપિત કોરીડોર નવસારી જિલ્લાના બીલીમોરથી શરૂ થઈ ચીખલી તાલુકાના માણેકપોર, રેઠવાણિયા, ખૂંધ, આલીપોર, ઉઢવળ, રાનકુવા, સુરખાઈ, કુકેરી સહિતના ગામોમાંથી પસાર થાય છે. જેમાં જમીન સંપાદનની કામગીરી માટે અસરગ્રસ્ત સરવે નંબરની ખરાઈ કરવા માટે તલાટી કમમંત્રી અને સરપંચોની સયુંકત બેઠક બોલાવવા માટે માર્ગ મકાન દ્વારા લેખિત પત્ર દ્વારા ટીડીઓને જણાવવામાં આવ્યું છે.

મહારાષ્ટ્ર રાજ્યને જોડતા આ ચીખલી-વાંસદા-વઘઈ રોડ ચોવીસ કલાક વાહન વ્યવહારથી ધમધમતો હોય છે. ગિરિમથક સાપુતારા ઉપરાંત મહારાષ્ટ્રના શિરડી, નાસિક સહિતના યાત્રાધામોને જોડતા આ માર્ગની કાયાપલટથી લોકોની સુવિધામાં વધારો થવા સાથે અકસ્માતોમાં પણ ઘટાડો થશે તે નિશ્ચિત છે. દક્ષિણ ગુજરાત સાથે મહારાષ્ટ્રના નાસિક વિસ્તારનો ફળ શાકભાજીનો વેપાર પણ મોટાપાયે ધમધમતો હોય તેવા આ માર્ગની પહોળાઈ વધારવાનું પણ આવશ્યક હોવા સાથે તે માટેની વર્ષોથી માંગ ઊઠી રહી છે. જોકે સરકાર દ્વારા ખેડૂતો સહિત જમીન-મિલકતના માલિકોને પૂરતું વળતર પણ ચૂકવવામાં આવે તે જરૂરી છે.

## ડાંગ જિલ્લા અને તાલુકા પંચાયતનું શાસન વહીવટદારને હવાલે

સાપુતારા: ડાંગ જિલ્લા પંચાયતના કુલ ૧૮ ચૂંટાયેલા સભ્યો તેમજ જિલ્લાના સુબીર, આહવા અને વઘઈ તાલુકા પંચાયતોના કુલ ૪૮ પ્રતિનિધિઓની અવધિ સમાપ્ત થઈ છે. રાજ્યમાં જિલ્લા અને તાલુકા પંચાયતોની પાંચ વર્ષની મુદત પૂર્ણ થવા આવી હોવા છતાં, રાજ્ય સરકાર દ્વારા હજુ સુધી નવી ચૂંટણીઓનું કોઈ સત્તાવાર જાહેરનામું કે સમયપત્રક પ્રસિદ્ધ કરવામાં આવ્યું નથી. આ અનિશ્ચિતતાને પગલે રાજ્યના અન્ય જિલ્લાઓની જેમ ડાંગમાં પણ વહીવટી શાસન અમલમાં મૂકવાની ફરજ પડી છે. રાજ્ય સરકારના આદેશ અનુસાર, ડાંગ જિલ્લા પંચાયતમાં વહીવટદાર તરીકેની મુખ્ય જવાબદારી ડાંગ કલેક્ટરને સોંપવામાં આવી છે. જ્યારે તાલુકા સ્તરે વહીવટી સરળતા રહે તે હેતુથી જે-તે તાલુકા પંચાયતોમાં પ્રાંત અધિકારી અને મદદનીશ પ્રાયોજના વહીવટદાર (Administrator) ની નિમણૂક કરવામાં આવી છે.

## ‘સાહેબે ઠંડું પીણું મંગાવ્યું છે’ કહી અજાણ્યો ખેડૂતની બાઈક લઈ છૂ

**માનમોડીમાં** બીટગાર્ડના નામે ખેડૂત સાથે ઠગાઈ

સાપુતારા: કોઈ અજાણ્યાને બાઈક આપતા પહેલા ચેતવા જેવો કિસ્સો ડાંગ જિલ્લામાં પ્રકાશમાં આવ્યો છે. બીટગાર્ડના નામે વિશ્વાસમાં લઈ વઘઈ તાલુકાનાં માનમોડીના ખેડૂતની બાઈક લઈને ગયો તે ગયો પાછો ફર્યો જ ન હતો. આ મામલે ખેડૂતે સાપુતારા પોલીસમથકમાં ફરિયાદ કરતાં સાપુતારા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર વઘઈના માનમોડી ગામે 50 વર્ષીય ખેડૂત લાહનુભાઈ મહાદુભાઈ પવાર રહે છે. ગત તા.12/2/2026ના રોજ સવારે આશરે 10 વાગ્યે લાહનુભાઈ અને તેમનો પુત્ર પ્રદીપ ખેતરમાં કામ કરી રહ્યા હતા. એ સમયે અંદાજે 35 વર્ષની વયનો, પાતળા બાંધાનો અને સફેદ શર્ટ તથા કાળું પેન્ટ પહેરેલો એક અજાણ્યો શખ્સ ત્યાં આવ્યો હતો. તેણે લાહનુભાઈને જણાવ્યું કે, બીટ ગાર્ડ સાહેબે મને ગામમાં ઠંડુ પીણું લેવા મોકલ્યો છે,તમારી મોટરસાઈકલની ચાવી આપો, હું પાંચ મિનિટમાં પાછો આવી જઈશ.’ ખેડૂતે વિશ્વાસમાં આવી પોતાની હીરો સ્પ્લેન્ડર પ્લસ નં.(GJ-30-C-4445) ની ચાવી તેને આપી દીધી હતી. અજાણ્યો શખ્સ બાઈક લઈને ગયો એ પછી કલાકો સુધી પરત ન ફરતાં લાહનુભાઈએ ગામમાં અને આસપાસના વિસ્તારોમાં તપાસ કરી હતી. શરૂઆતમાં તેમને લાગ્યું કે, બાઈક ફોરેસ્ટ ઓફિસમાં હશે, પરંતુ એક મહિનો વીતી જવા છતાં બાઈક ન મળતાં આખરે તેમણે પોલીસનો સંપર્ક કર્યો હતો.

સાપુતારા પોલીસે આ મામલે ગુનો નોંધી રૂ.65,000ની કિંમતની મોટરસાઈકલની ચોરી અંગે તપાસ હાથ ધરી છે. આ કેસની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ શક્તિસિંહ હઠુભા સરવૈયા ચલાવી રહ્યા છે.

દાહોદમાં ચીખલીથી ભરાયેલા ખેરનાં લાકડાંના જથ્થા કેસમાં

# ધામધુમાના વેપારી અને બે ખેડૂત સામે કાર્યવાહીથી ફફડાટ

**દાહોદ** વન વિભાગે નવ લાખ રૂપિયાના લાકડાં સાથે બેને ઝડપી પાડ્યા હતા

**અગાઉ** મહારાષ્ટ્ર વન વિભાગે લાકડાં ચોરીનું રેકેટ પકડ્યું હતું

ઘેજ: ચીખલી તાલુકામાંથી ભરાયેલા ખેરના લાકડાંનો પંદર ટનથી વધુ નવેક લાખ રૂપિયાનો જથ્થા સાથે દાહોદ વન વિભાગે રાજસ્થનના બેને ઝડપી પાડ્યા હતા. હાથ ધરાયેલી તપાસમાં ધામધુમાના વેપારી યોગેશનું નામ ખુલતા તેના સહિત ખેડૂત ખાતેદાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાતા ફરી એકવાર સ્થાનિક અધિકારીઓની લાકડાંચોરી અટકાવવામાં નિષ્ફળતા ઉજાગર થવા પામી છે.

થોડા મહિના પૂર્વે ચીખલી તાલુકામાંથી ખેરના લાકડાંની ચોરીના રેકેટનો મહારાષ્ટ્ર વન વિભાગે પર્દાફાશ કર્યો હતો. જેની તપાસમાં સ્થાનિક અધિકારીઓ કંઈ ઉકાળી શક્યા નથી કે ઈમારતી લાકડાની તસ્કરી અટકાવી શક્યા નથી. ત્રીજી માર્ચના રોજ દાહોદની રામપુરા રેન્જ વિસ્તારમાંથી પોલીસે ટ્રક (નં. જીજે ૨૧ વાય ૮૩૮૩)ને અટકાવી તપાસ કરતાં તેમાંથી પાસ પરમિટ વિનાનો ખેરના લાકડાંનો જથ્થો મળી આવતા પોલીસે ચાલક સહિત બે જેટલા આરોપી અને ટ્રક સહિત ખેરના લાકડાંનો મુદ્દમાલ દાહોદ વન વિભાગને સોંપવામાં આવતા દાહોદ વન વિભાગે વધુ તપાસ હાથ ધરી આરોપી મોઈન હશનદિન ખાન અને હનકન સહજીદ ખાન (બંને રહે., અલવર, રાજસ્થાન)ની પૂછપરછ હાથ ધરાતા આ ખેરના લાકડાંનો જથ્થો ખેરગામ તાલુકાના ધામધુમા ગામના વેપારી યોગેશ ઈશ્વરભાઈ પટેલનું નામ બહાર આવ્યું હતું અને તેમણે કાકડવેરી અને પાટી ગામના ખાતેદાર હિતેશ કિકાભાઈ નાયક અને સોમા છગનભાઈ પટેલના માલિકીની જમીનમાંથી ખેરના ઝાડો કાપેલા હોવાનું બહાર આવતા આ વેપારી યોગેશ અને બંને ખેડૂત ખાતેદારો સામે કાયદેસરની કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ખેરગામના વાડ ગામે સરકારી યોજનાનાં કાર્ડ લાભાર્થીઓને અપાયાં



ખેરગામ: ખેરગામ તાલુકાના વાડ બાપા સીતારામ મઢુલીમાં સાંસદ સીઆર પાટિલના જન્મદિવસ નિમિત્તે જન કલ્યાણના ભાગરૂપે જન્મથી મરણ સુધીની સરકારી યોજનાઓનો કાર્યક્રમ અંતર્ગત ઈશ્રમ કાર્ડ, આયુષ્યમાન કાર્ડ, ઈ નિર્માણ કાર્ડ વગેરે યોજનાઓ લોકો સુધી પહોંચાડવાનો કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં 1500 થી વધારે લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં. જેમાં 500 થી વધારે કાર્ડ બનાવવામાં આવ્યા હતાં. વાડ સહિત બીજા દિવસે તોરણવેરા ગામમાં કેમ્પ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ ભુરાભાઈ શાહ, મહામંત્રી શાંતિલાલ પટેલ, જીગર દેસાઈ, તાલુકા ભાજપ પ્રમુખ લિટેશ ગાંવિત, મહામંત્રી ચેતન પટેલ, વિજય રાઠોડ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

### પારડી પોલીસમથકે શાંતિ સમિતિની બેઠક મળી



અમૃત પટેલ

પારડી: પારડી પોલીસ સ્ટેશનમાં આજરોજ આગામી દિવસોમાં યોજાનાર ઇદ અને રામ નવમીની ઉજવણીના ભાગરૂપે શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં હિંદુ-મુસ્લિમ સમાજના આગેવાનો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતાં. ઇન્સ્પેક્ટર જી.આર ગઢવીના અધ્યક્ષ સ્થાને શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં મુસ્લિમ સમાજ દ્વારા તારીખ 21મી ના રોજ યોજાનાર ઈદ પર્વ અંગે તથા 27 મીના રોજ યોજાનાર રામનવમી પર્વ અંગે ચર્ચા કરવામાં આવી હતી. પીઆઈ જી.આર. ગઢવીએ જણાવ્યું હતું કે સમાજ દ્વારા ઉજવવામાં આવતા તહેવારો શાંતિપૂર્ણ રીતે યોજવામાં આવે એ જ મુખ્ય હેતુ છે.

### જતું કરી શકે તેની ખુશી ક્યારેય જતી નથી: ગચ્છાધિપતિ યશોવર્મસુરી



કેરસી બારીયા

બીલીમોરા: ગચ્છાધિપતિ પદ પર આરૂઢ કર્યા પછી પ્રથમ વાર બીલીમોરા પધારી રહેલા નૂતન ગચ્છાધિપતિ પૂજ્યપાદ શ્રદ્ધેય ગુરુદેવ જૈનાચાર્ય શ્રીમદ વિજય યશોવર્મસૂરીશ્વરજી મહારાજાને સત્કારવા જૈન સંઘ સમાજ સામૈયા લઈ ઉમટી પડ્યો હતો. સુખી થવા માટે પૈસા નહીં, પણ પારિવારિક પ્રેમ જરૂરી છે. પૈસાવાળા ના ઘરો સુખી હોય એ ગેરંટી નથી, પણ પ્રેમવાળા ઘરો સુખી જ હોય તે ગેરંટી છે. પૈસાથી કદાચ સાધન સામગ્રી કે સગવડ મળી શકે. પણ, સ્નેહ સંપ ને શાંતિ તો પ્રેમથી જ મળી શકે. માણસ પૈસા માટે જેટલી મહેનત કરે છે, સહન કરે છે, જતું કરે છે, એટલું જો પ્રેમ માટે- પરિવાર માટે કરે તો ઘર સ્વર્ગ બને જ બને. મરીને સ્વર્ગમાં જવાના સપના જોવા કરતા, જીવતે જીવ ઘરને સ્વર્ગ બનાવવાની પ્રયત્ન ચોક્કસ ખુશી આપશે જ. આવા અનેક દૃષ્ટાંતો ને દલીલોથી હૃદય સોંસરૂ ઉતરી જાય એવી પૂજ્ય ગુરુદેવની વાણીમાં જણાવ્યું હતું.

# વાપીના બલિઠા બ્રિજ પરથી 13 લાખ, GIDCથી 20 લાખનો દારૂ ઝડપાયો

વાપી: વાપી ટાઉન પોલીસ ટીમે બાતમી આધારે બલીઠા બ્રિજ પરથી વર્ણવેલા નંબરવાળો ટેમ્પોને અટકાવવા ઈશારો કરતાં ચાલકે આગળ જઈ વાહન થોભાવ્યું હતું અને તે ચાલક ભાગી છૂટ્યો હતો. પોલીસે ટેમ્પોમાં તપાસ કરતાં વિદેશી દારૂ-બીયરનો જથ્થો મળી આવ્યો હતો, જેની કિંમત આશરે 13,59,600 આંકી હતી. પોલીસે કુલ રૂ.19,59,600 નો મુદ્દામાલ કબજે કરી પ્રોહિ.મુજબનો ગુનો નોંધ્યો હતો.

બીજા બનાવમાં વાપી ઉદ્યોગનગર પોલીસ ટીમે બાતમી આધારે વાપી જીઆઈડીસી ચાર રસ્તા પાસે વર્ણવેલ નંબરવાળો ટેમ્પો આવતા તેને અટકાવી તપાસ કરતાં વિદેશી દારૂનો જથ્થો મળ્યો હતો. પોલીસે ટેમ્પોચાલક અમજદ જોબન ખાન (રહે., કરવડ-વાપી, મૂળ યુપી) તથા ક્લીનર ક્રિશકુમાર તરૂણ દમણીયા (રહે., દમણ) ને ઝડપી પાડ્યા હતા અને આ જથ્થો અક્ષયે આપ્યો હતો. પોલીસે દારૂનો જથ્થો, ટેમ્પો અને મોબાઈલ ફોન મળી કુલ રૂ.7,32,400 નો મુદ્દામાલ કબજે કર્યો હતો. અન્ય એક બનાવમાં વાપીથી મુંબઈ તરફ જતાં સર્વિસ માર્ગ પરથી વાપી ઉદ્યોગનગર પોલીસે બંધ બોડીના ટેમ્પામાંથી 16,69,440નો વિદેશી દારૂના જથ્થા સાથે ચાલક વિશાલ ઉર્ફે લાલુ ગોવિંદભાઈ ધોડી (રહે., તલાસરી, મહારાષ્ટ્ર)ને ઝડપી પાડ્યો હતો. આ દારૂનો જથ્થો ઝાકીર (રહે., દમણ)એ ભરાવ્યો હતો. કુલ રૂ.24,79,440નો મુદ્દામાલ કબજે કરાયો હતો.

# 18 ગુનાના 10 લાખ જમા કરવા બેંક ખાતું આપનારા બે પકડાયા



વલસાડ: ગુજરાત પોલીસે મ્યુલ એકાઉન્ટ ધારકોને પકડવાની કવાયત અંતર્ગત શરૂ કરેલા અભિયાનમાં વધુ બે આરોપીઓને પકડી પાડ્યા છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ, વલસાડ સાયબર ક્રાઈમ પોલીસે સાઈબર ક્રાઈમના ગુનામાં સાહિદ સમસાદ ખાન નામના વલસાડના રહીશને પકડી પાડ્યો હતો. તેણે સાઈબર ક્રાઈમના પૈસા જમા કરાવવા એકાઉન્ટ આપ્યા હતા તેમજ તેના સાથીઓના એકાઉન્ટ પણ આપ્યા હતાં. જેમાં પોલીસે વધુ બે ગુનેગારોમાં ગ્રીન પાર્કમાં આમેના એપાર્ટમેન્ટમાં રહેતા મોહંમદ યુનુસ અબ્દુલ મજીદ શેખ અને ગ્રીનપાર્ક 3 માં આયશા મસ્જીદ પાસે રહેતા જાવેદ ગુલામકાદર શેખની ધરપકડક કરી છે. તેમણે પોતાના એકાઉન્ટમાં રૂ. 10 લાખ જમા કરાવ્યા હતાં.